

**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*કૂદાવે કાયદાની લાકડી પર ખેલ કરાવે છે,*
*સમજાવી પટાવી પ્રજાને સજાથી ડરાવે છે.*
*ન ચાલે લોકશાહીને બિચારી બાપડી બનાવી,*
*કરાવે મનનું ધાર્યું, કાયદેસર ઠરાવે છે....*

**હાઈકુ**

*થઈ ગયું છે*
*આ બે ચાણક્યો વચ્ચે*
*ઈન્ડિયા 'ફીટ'!!*

*આસામ ચિંતા*
*છે કાયમી વતની,*
*બાંગ્લા વિદેશી...*

## ચિંતન

***અનિરૂપ્ય સ્વરૂપં યતમનોવાચામ્ અગોચરમ્ ।***
***એક એવ અદ્રયમ્ બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન ॥***

**ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**એ સ્વરુપનું વર્ણન શક્ય નથી, એને મન વાણી પહોંચી શકતા નથી, એ એક માત્ર અદ્વૈત બ્રહ્મ છે, એમાં ભિન્નભિન્ન કાંઈ નથી.**

**આમ, આત્મા અનુભૂતિથી જ જાણી શકાય, સાંભળવાથી નહીં, અહીં તેથી જ કહેવાયું છે કે આત્મા સુંદર છે, ચૈતન્ય છે, એમ સાંભળવાથી જાણી લીધું છે એમ ન મનાય. માત્ર સાંભળવાથી નહીં, સમજીને સાંભળવાથી માહિતી મળે, જ્ઞાન નહીં, અને માહિતી ગમે તેટલી હોય છતાં તેનાથી મનની વૃત્તિમાંથી ફેર પડતો નથી.**

**તેથી જ કહેવાય છે કે સાંભળ્યા છતાં કેમ વિષયવાસનામાં મન છે ? હોય જ !! એ જ કસોટી છે કે જે જનકરાજા ખરેખર વાસના રચ્યા પચ્યા રહેતા હોય તો તેમણે માત્ર સાંભળ્યું છે, જાણ્યું નથી. ને જો ખરેખર જાણ્યું છે, તો પછી આ બધો વ્યવહાર માત્ર અભિનય જ છે.**

## સુવિચાર

- જિંદગી સે વાદા યૂં ભી નિભાના પડ ગયા,
  ખુલકે રોના ચાહાથા મુસ્કુરાના પડ ગયા... - **આકાશ 'સાહબ'**
- હોંશિયાર માણસથી ભૂલો થાય તેવું કયારેય બને પણ ભૂલોથી માણસ હોંશિયાર થાય છે તેવું જરૂર બને - **અમૃતબિંદુ**
- ભગવાને ગીતામાં તેમના પર ભરોસો રાખવાની વાત કરી છે નહીં કે તેમના ભરોસે બેસી રહેવાની - **ગૌર ગોપાલદાસજી**
- શક્ય જ નથી કે હું દરેકની નજરમાં નિર્દોષ દેખાઉં, પ્રયત્ન મારો એ છે કે હું મારી નજરમાં સાફ દેખાઉં - **એસ. ભટ્ટાચાર્ય**
- અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો પાઠ છે - **ચંદ્રેશ સોદાગર**
- એક સત્ય છે કે ભીડમાં દરેક માણસ 'સારો' નથી હોતો, પરંતુ એક સચ્ચાઈ એ છે કે 'સારા' માણસની ભીડ હોતી નથી - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : થાકને કારણે પગ દુઃખતા હોય તો કાંદા વાટીને તે પેસ્ટ લગાડવાથી આરામ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

નેપોલિયને જર્મની પર જીત મેળવી. અને જર્મન સૈનિકો ને કેદ પકડ્યા. આ પૈકી એક સૈનિકો ને કેદ પકડાયા. આ પૈકી એક સૈનિક મરણ પથારીએ હતો. તે તાવમાં ધ્રૂજતો હતો તેમ છતાં તે દવા લેવા કે ધાબળો ઓઢવા તૈયાર ન હતો. જેલમાં તમામ અધિકારીઓ એ સૈનિક કેદીને સમજાવવાની કોશિશ કરી રહ્યા હતા. તેમ છતાં તે એકનો બે નહોતો થતો. વાત નેપોલિયન પાસે પહોંચી. તે ખુદ આ કેદીને મળવા રૂબરૂ આવ્યો. તેણે સૈનિક કેદીને કહ્યું, 'આવી ગંભીર પરિસ્થિતિમાં તમે અમારા ડૉકટરની દવા-સારવાર કેમ લેતો નથી. ઓઢવાનું કેમ ઓઢતા નથી. આવી જીદ કરશો તો મરણ ને શરણ થઈ જશો.' મોત નજીક હોવા છતાં સૈનિકો ખુમારી ભર્યો જવાબ આપતા કહ્યું, 'મારી વર્તણુંક તમને બધાને વિચિત્ર લાગે છે. પણ હું મારા દેશમાં બનેલી વસ્તુ જ વાપરુ છું. જો દવાઓ કે ધાબળો મારા દેશ જર્મનીનો હોત તો હું એનો જરૂર સ્વીકાર કરત. પરદેશી વસ્તુઓ તો હું કયારેય સ્વીકાર નહીં કરું. ચારે ભલે હું મરી જઉં. મારા જીવ કરતા 'મેઈ ઈન જર્મની' નો મને વધુ મોહ છે. આટલું બોલતા તો તેનું પ્રાણ ખંખેરુ ઉડી ગયું. નેપોલિયન પણ સાચો વીર હતો તેને પણ આ વીર સૈનિકની ખુમારી સ્પર્શી ગઈ. નેપોલિયને આ સૈનિકના મૃતદેહને અદબથી સલામ કરી એને માનભેર દફનાવવાની જેલ અધિકારીને સૂચના આપી.

# આરોગ્ય મુદ્દે પાછળ રહેતું તંત્ર ડિજિટલ ક્ષેત્રે આગળ

**તંત્રીસ્થાનેથી...**

ઈતરડીથી ફેલાતી પશુઓના સાનિધ્યથી થતી 'કોંગો ફિવર' તરીકે ઓળખાતી પ્રાણઘાતક બીમારીના છેલ્લા થોડાક જ અઠવાડિયામાં પ્રસ્થાપિત થયેલ કેસ જોતાં એ એપેડેમિક સ્વરુપ ન પકડી લે તેની તકેદારી રાખવી જરૂરી છે. એન્ટિ બાયોટિક્સ ક્રાંતિ પછી મહદંશે ઘણા બધા ચેપી રોગો પર નિયંત્રણ લાદવામાં તબીબી દુનિયાને સફળતા સાંપડી છે ત્યારે કોંગો ફિવરમાં ફેલાલિટી રેટ ઘણો ઊંચો છે. ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં આવા કેસો પકડાયા છે અને તે પૈકી કેટલાકને સારવાર આપ્યા છતાં બચાવી શકાયા નથી. આ નવી જાતની બિમારીનું નામ સાંભળીને જ દરદી ગભરાઈ જાય છે. દરદીની સારવાર કરનાર ડૉકટરો અને નરોસ પણ જબરાં ભયભીત બની જાય છે. ગુજરાતનાં દેખા દેનાર આ વિચિત્ર બિમારીનું પૂરું નિદાન થઈ રહે એ પહેલાં જ એની સિસ્ટમ જવાબ દઈ દે છે. ચોમાસું એક રીતે રોગની ઋતુ પણ ગણાતી રહી છે - એમાં પાણીજન્ય રોગો ઉપરાંત માંકડ-મચ્છર જેવા જંતુ કરડવાથી થતા રોગોએ અત્યાર સુધી માનવજાતને ઘણી પજવી છે. ચોમાસામાં ભારત ઉત્સવઘેલું જોર વધે છે. ડિપ્રેશન પણ આવી શકે છે. ખોરાક અને પાણીના પ્રદૂષણથી ટાઈફોઈડ, કોલેરા, ગેસ્ટ્રોએન્ટરાઈટિસ અને મરડા જેવી બિમારીઓનો રાફડો ફાટે છે, તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આયુષ વિભાગ દ્વારા વૈકલ્પિક સારવાર આપવાનો સુદીર્ઘ ઈતિહાસ ધરાવતી વૈદકીય પદ્ધતિઓના તજજ્ઞો વિશે પોસ્ટલ ટિકિટ બહાર પાડીને એક પ્રશંસનીય પગલું ભર્યું છે. 'ફિટ ઈન્ડિયા' કાર્યક્રમમાં દેશનું યુવાધન હોંશે હોંશે જોડાય એવી શકયતા છે. એલોપથીના વિકલ્પે આયુર્વેદ, હોમિયોપથી, યૂનાની ઉપરાંત લદ્દાખની પરંપરાગત ઉપચાર પદ્ધતિનો પણ સમાવેશ કરાયેલ છે. આગામી દિવસોમાં ગુજરાતના રાજમાર્ગો અંબાજી સહિતની શક્તિપીઠો તરફ પદયાત્રા કરતા શ્રદ્ધાળુઓથી ઊભરાશે. વળી ગણેશોત્સવની તડામાર તૈયારીઓ પણ શરૂ થઈ ચૂકી છે. ઉત્સવઘેલું ગુજરાત સ્વસ્થ રહે એવી કામના અને પ્રાર્થના કરીએ. તાજેતરમાં પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીના સાતમા પદવીદાન સમારંભમાં પીડીપીયુના પ્રેસિડેન્ટ અને દેશના સૌથી મોટા ધનકુબેર મુકેશ અંબાણીએ મોદીની 'ફાઈવ ટ્રિલિયન ઈકોનોમી' વાળી સંકલ્પનાનું વિગતવાર વિશ્લેષણ વાત કરી હતી. ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં મુકેશ અંબાણીએ ડિજિટલ ક્રાંતિમાં થઈ રહેલી અકલ્પનીય પ્રગતિનો અહેવાલ આપ્યો હતો. મોબાઈલ સેકટરમાં ભારત વિશ્વમાં નંબર વન સ્થાન પર છે અને આગામી વર્ષો દરમિયાન એ વિશ્વની ત્રીજા નંબરની ઈકોનોમી બનવા કૃત સંકલ્પ હોવાની વાત કરીને અમિત શાહે પણ મુકેશ અંબાણીનું સપનું સાકાર કરવામાં કેન્દ્ર અને રાજય સરકાર ખડેપગે તૈયાર રહેશે એવું વચન આપ્યું છે. કોંગો ફિવર સામે નિષ્ફળ જતી આરોગ્ય વ્યવસ્થા અને લાખો શ્રદ્ધાળુ પદયાત્રીઓની સુરક્ષા પાછળ પૂરતું ધ્યાન નહીં આપી શકતા તંત્ર પાસેથી 'ફિટ ઈંડિયા'નું મોદી સપનું સાકાર કરાવવા ઘણી લાંબી મજબ કાપવી પડશે.

# ચિંતા ચિતા સમાન હોતી હૈ



**ડાયલોગથી દેવભાષા**
ડો. જય ઓઝા

***ચિંતા ચિતા સમાન હોતી હૈ***

***- ભેજા ફ્રાય***

**ઈ.સ. ૨૦૦૭માં સાગર બેલારી દિગ્દર્શિત, વિનય પાઠક, રણવીર શૌરી, સારિકા, રજત કપૂર જેવા માંધાતા કલાકારો દ્વારા અભિનિત આ સુંદર કોમેડી ફિલ્મ હતી, જે ૧૯૯૮માં 'લે ડિનર દે કોન્સ' નામક ફ્રેન્ચ ફિલ્મ પર આધારિત હતી. ત્યારબાદ ૨૦૧૦માં આ જ ફ્રેન્ચ ફિલ્મ આધારિત હોલિવુડ ફિલ્મ 'ડીનર ઓફ સચમક્સ' આવી હતી.**

**શરત કટારીયાએ આ ફિલ્મના સંવાદ લખ્યા હતા. વાસ્તવમાં આ ફિલ્મમાં વિનય પાઠકનો લાજવાબ અભિનય કાબિલેદાદ છે. આ ફિલ્મની બીજી નબળી આવૃત્તિ 'ભેજા ફ્રાય-૨' ના રૂપમાં પછીથી આવી હતી, જે 'ભજા ફ્રાય' જેટલી ચાલી ન હતી.**

**ઉપરોક્ત સંવાદ આમ તો જીવનની સત્યતા જ વર્ણવે છે, પરંતુ આ હકીકત આપણા સંસ્કૃત સાહિત્યકારોને તો વર્ષો પહેલાથી ખબર છે. આવો જ એક શ્લોક 'સુભાષિત રત્નભાંડાગાર'માં વાંચવામાં આવ્યો.**

**ચિન્તાયાસ્ય ચિતાયાસ્ય બિન્દુમાત્રં વિશેષતઃ ।**
**ચિતા દહતિ નિર્જીવં ચિન્તા જીવન્તમપ્યહો ॥**

**- ચિંતા અને ચિતામાં એક બિંદુ માત્રનું અંતર છે, ચિતા નિર્જીવને સળગાવે છે, અને ચિંતા જીવિત વ્યક્તિને સળગાવે છે.**

**આ શ્લોક મનુષ્ય જીવનનું શાશ્વત સત્ય છે. એક માત્ર અનુસ્વારનું ટપકું માથેથી હટી જાય તેટલો ફરક છે, પરંતુ બંને માણસને બાળવાનું જ કાર્ય કરે છે, પરંતુ તેમાય ચિંતા વધુ ખતરનાક છે, કારણ કે તે જીવતે જીવત જ સળગાવી દે છે.**

**સુભાષિત રત્નભાંડાગારમાં ૧૦,૦૦૦થી વધુ સંસ્કૃત સુભાષિતોનો સંગ્રહ છે.**

- jayuoza@gmail.com
Mo.9898046488

# આજે વિચાર ગોષ્ઠિનું આયોજન



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃતસંચય

● ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને વિચારમંચ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના જાણીતા કવિઓ સંગાથે 'એક સ્નેહભીની સાંજ' અંતર્ગત, કવિતા, ગીત અને ગઝલનો એક મુશાયરો, તા. ૨૫-૦૮-૨૦૧૯ને રવિવારની, શ્રાવણના સરવરિયાની ભીની સાંજે ઈજનેરી સ્ટાફ ટ્રેનિંગ કૉલેજના ઓડિટોરિયમમાં, પાટનગરના પોતાના અખબાર 'ગાંધીનગર સમાચાર' ના તંત્રી કૃષ્ણકાન્ત જહા અને જયોતિશ ભટ્ટના અતિથિ વિશેષપદે યોજાઈ ગયો, જેમાં ગુજરાતી સાહિત્યની હેલી સર્જાઈ હતી અને જેમાં ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત કવિઓ રાજેશ વ્યાસ - મિસ્કીન, ડૉ. રઈશ મણિયાર, કૃષ્ણ દવે, મધુસુદન પટેલ, ભરત ભટ્ટ - 'પવન', કિશોર જિકાદરા, હર્ષવી પટેલ અને ચંદ્રેશ મકવાણા 'નારાજ' દ્વારા, તેમની રસસભર રચનાઓની હાજર સર્વેને, કવિતા-ગઝલની રસ ઝરતી હેલીમાં રસતરબોળ કરી દીધાં હતા. સર્વેએ આ રચનાઓને નાણી, માણી અને મનભર વખાણી હતી. વિચારમંચના અતિથિ વિશેષો દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યા હતા. જયારે પુલક ત્રિવેદીએ કવિતાઓનો કાવ્યાત્મક પરિચય કરાવ્યો હતો અને વિચારમંચના મનોજ શુક્લે આ મુશાયરાનું, પોતાની આગવી છટામાં ભલીપેરે સંચાલન કરી મુશાયરાને ચાર ચાંદ લગાવી દીધા હતા.

● ભારતીય વિચારમંચ, ગાંધીનગર દ્વારા તા. ૩૧-૦૮-૨૦૧૯ને શનિવારના રોજ સાંજે ૬.૩૦ વાગે, શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય ગુરુકુલ, કેમ્પસ, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે નિયામક, ઉદ્યોગ અને ખાણ, એમ.એ. લાડના અધ્યક્ષ સ્થાને વિચાર ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પ્રો. હિમાશું પંડ્યા, કુલપતિ ગુ.યુનિ., 'ભારત પ્રથમ : વિચાર અને આચાર' પણ વકતવ્ય આપશે.

muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893

# વિનોબાજી : બાપુના આધ્યાત્મિક વારસ



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

ગાંધી વિચારને ભૂમિગત કરવા માટે સૌથી વિશેષ નિષ્ઠાવાન તેમજ ફળદાયી પ્રયત્નો કર્યા હોય તેવા વ્યક્તિઓના નામ ગણીએ તો વિનોબાજીને તેમાં પ્રથમ ક્રમે મૂકવા પડે. બાબાએ ભૂદાનયાત્રાના માધ્યમથી સમગ્ર દેશની પ્રજાનું જે ભાવાત્મક ઐક્ય સાધવા પ્રયાસો કર્યા તે અજોડ હતા. બાપુએ દાંડીકૂચ કરીને બહારની સત્તાને પડકારી હતી જે એક ઐતિહાસિક ઘટના બની રહી. પરંતુ બહારની સત્તા સામે લડવા કરતા પણ વિશેષ પડકારરૂપ બાબાની ભૂદાનયાત્રા ગણાવી શકાય. ભૂમિ સ્વેચ્છાએ દાનમાં મેળવી તેની વહેંચણી જમીન વિહોણાને કરવી તે એક અસામાન્ય પણ દીર્ઘદ્રષ્ટિયુક્ત પ્રયાસ હતો. સ્વરાજ્ય પ્રાપ્ત થયા બાદ બાપુની અણધારી વિદાય પણ બાબાની સ્થિર દ્રષ્ટિ તથા સ્વસ્થ વિચારને ડગાવી શકી નહિ. તેઓ સત્તાના સીમાડાથી બહાર રહી સર્વોદયના માર્ગે આગળ ચાલ્યા અને અનેકને એ માર્ગે દોરવણી આપી. ભૂદાનયાત્રાના હેતુઓ અને તેના પરિણામોની વિસ્તૃત વાત નવી પેઢી સુધી પહોંચાડવા જેવી છે. ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૫ના દિવસે જન્મ લેનાર વિનોબાજીનું પુણ્ય સ્મરણ સપ્ટેમ્બર માસમાં વિશેષ રીતે થાય તે સ્વાભાવિક છે. એક જન્મમાં એક યુગનું કાર્ય સંપન્ન કરીને બાબા ગયા. જગતના વિવિધ ધર્મગ્રંથોનું અધ્યયન કરીને 'કુરાન સાર' તથા 'ધમ્મપદ' જેવા ઉત્તમ ગ્રંથો બાબા થકી આપણને મળ્યા. ૧૯૫૯ માં કાશ્મીરની યાત્રા દરમિયાન ગુરુ નાનકના ધર્મગ્રંથ 'જપુજી' ઉપર બાબાએ યાદગાર વ્યાખ્યાનો આપ્યા. આ પ્રવચનોમાં બાબાએ એક ઐતિહાસિક વાત કરી. બાબા કહે છે : '' આપણી સમગ્ર સાધના 'નિરભઉ તેમજ નિરબૈરુ' એ બે શબ્દોમાં વર્ણવી શકાય છે. અખંડ નિર્ભયતાનો ઉદય બાબા કહે છે તેમ વેરવૃત્તિના અંત સાથેજ આવી શકે છે. ''

કેટલાક લોકો એમ માને છે કે વિનોબાજીના સર્વોદયના પ્રયાસો નિષ્ફળ ગયા છે. આથી આ કાર્યમાં વિનોબાજી સાથે જોડાનારા પણ નિષ્ફળ ગયા છે. આ વાતના સંદર્ભમાં દાદા ધર્માધિકારીને કોઈએ પૂછ્યું કે તેઓ વિનોબાજીના કાર્યમાં જીવનભર રહીને નિષ્ફળ નથી ગયા ? દાદાએ જવાબ આપ્યો તે ધ્યાનથી સાંભળવા અને સમજવા જેવો છે. દાદાએ જવાબ આપ્યો : '' દુસરોં કે સાથ રહકર સફલ હોને સે વિનોબાજીકે સાથે રહકર નિષ્ફળ હોના બહેતર હૈ '' કેવી અખંડ શ્રધ્ધા અને સમર્પણ !


ગાંધીજીની વિદાય પછી તેમના વિચારો અનુસાર અનેક કાર્યો વિનોબાજીએ કપરા સંજોગોમાં પણ કર્યા તે જાણીતો ઈતિહાસ છે. ૧૯૫૧થી ભૂમિહીનો માટે ભૂમિદાન માંગવું શરુ કર્યુ. ભૂમિદાનના આ વિચારમાંજ નકસલવાદ જેવી પ્રવૃત્તિને ઊભી થતા પહેલાજ રોકવાની શક્તિ હતી. લગભગ ૧૩ વર્ષ સુધી સતત પગપાળા ભ્રમણ કરીને લાખો એકર ભૂમિ દાનમાં મેળવીને ભૂમિહીનોને આપી. જેમની પાસે જમીન નથી તેમને જમીન તથા પરિશ્રમ સાથે જોડીને તેમણે માન્યામાં ન આવે તેવું અસાધારણ યજ્ઞકાર્ય કર્યુ. વિનોબાજીના આ યજ્ઞમાં ગુજરાતે પણ ગણનાપાત્ર આહૂતિ આપી. ''ઘસાઈને ઉજળા થવામાં'' માનનારા રવિશંકર મહારાજના તેમજ અન્ય ભૂદાન કાર્યકરોની નિષ્ઠા તથા મહેનતનું પરિણામ વાસ્તવિક રૂપે જોવા મળ્યું. ભૂદાન યજ્ઞમાં ગુજરાતનું યોગદાન એ પણ એક ગૌરવભેર લખી શકાય તેવો ઈતિહાસ છે. સૌરાષ્ટ્રના સ્વતંત્ર રાજ્યની રચના પછી ઢેબરભાઈએ કાયદાના માધ્યમથી ભૂમિની ન્યાયયુક્ત વહેંચણીનું કાર્ય કર્યું તેનો ઉલ્લેખ કરવો જોઈએ. ગાંધી – વિનોબાના વિચારની પરિપૂર્તિ માટે અને ભાવિ સંઘર્ષો ટાળવા માટે ઢેબરભાઈએ આ કાર્ય કુનેહપૂર્વક કર્યું.

વિનોબાજીના અનેક અવિસ્મરણિય કાર્યોમાં તેમના ભગવદ્ ગીતા પરના પ્રવચનો અગ્રસ્થાને છે. વિનોબાજી ધુળિયા જેલમાં ૧૯૩૨માં હતા ત્યારે ગીતાના દરેક ભાગને આવરી લઈને જેલના સાથીઓ સમક્ષ પ્રવચનો કર્યા. સાને ગુરુજીએ આ પ્રવચનો લિપિબદ્ધ કર્યા. ભગવદ ગીતાનું મૌલિક વિચાર વિવરણ વિનોબાજીએ કુશળતાપૂર્વક કર્યુ. વર્ષો પહેલાં બાળપણમાં પોતાની માતાને આપેલા વચનને પણ વિનોબાજીએ પાળી બતાવ્યું. વિનોબાજી નાના હતા ત્યારે તેમના બા રોજ કથા સાંભળવા જતાં. એકવાર સંસ્કારમૂર્તિ સમાન માતાએ પુત્રને કહયું કે ગીતા સંસ્કૃતમાં છે તેથી તે સમજવામાં સંસ્કૃતની જાણકારી ન હોય તેને તકલીફ પડે છે. આથી માતાએ પ્રતાપી પુત્રની શક્તિને પારખીને જણાવ્યું: ''તું જ કેમ ગીતાનો અનુવાદ નથી કરતો ? તું આ કામ કરી શકે તેમ છે.'' માતાની ચિર વિદાય પછી એક દસકા બાદ વિનોબાજીએ માતાના આગ્રહને હૈયે ધરીને ગીતાઈની રચના કરી. ગીતાઈ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમશ્લોકી મરાઠી અનુવાદ. નામ પણ સુંદર તથા અર્થપૂર્ણ આપ્યું. ગીતા=ગીતા + આઈ. માતાને મરાઠીમાં આઈ કહે છે. આપણે ત્યાં પણ માતા માટે 'આઈ' શબ્દ જાણીતો બન્યો છે. વિનોબાજી લખે છે કે મા શબ્દના બધા ભાવ તેમને ગીતામાં જોવા મળેલા છે. માતાના પુણ્ય સ્મરણમાં ગીતા માતાનું ગાન એ વિનોબાજીની સમાજને મળેલી અમૂલ્ય ભેટ છે. વિનોબાજીએ મરાઠીમાં લખેલા સુંદર શબ્દોનો ગુજરાતી અનુવાદ પણ વાંચવો-સાંભળવો ગમે તેવો છે.

ગીતાઈ મારી મા
તેનો હું બાળ અબોધ
પડું છું, રડું છું ઊંચકીને તે
ખોળામાં લઈ લે છે.

વિનોબજીનું જીવન એ અસાધારણ બુદ્ધિપ્રતિભા તથા સાતત્યપૂર્ણ અધ્યયનશીલતાનુ ઉજળું તથા પ્રેરણાદાયક ઉદાહરણ છે. સ્વાધ્યાય તેમજ પ્રવચનમાં કદી આળસ કરવી નહિ તેવી ઉપનિષદની સલાહ વિનોબાજીએ જીવનમાં ઉતારી હતી. વિનોબાજી કહે છે કે પચાસ વર્ષ સુધી તેમણે વેદોનું અધ્યયન કર્યુ. ચાર-સાડા ચાર હજાર શ્લોકનો તો તેઓ મુખપાઠ કરી શકતા હતા. ગાંધીયુગના વિનોબાજી જેવા ઋષિતુલ્ય માનવીઓના જીવનનું જ્ઞાન તેમના આચરણ તથા કર્મોમાં જોઈ શકાતું હતું. વિનોબાજીએ અનેક સમયે આ વાત સ્પષ્ટ પણ કરી છે. તેઓ કહેતા કે પાણીમાં જેમ હાઈડ્રોજન તથા ઓક્સિજન હોય છે તેમજ જીવનમાં પણ વિચાર (ચિંતન) તથા કાર્ય (action) બન્નેનું સરખુંજ મહત્વ છે. સ્વાધ્યાયના અભાવે દૃષ્ટિ નિસ્તેજ તથા છીછરી બની રહે છે તેવી વિનોબાજીની વાત સાંપ્રતકાળે પણ કેટલી મહત્વની તથા દિશાસૂચક લાગે છે ! આથી જ વિનોબાજી માટે આચાર્ય શબ્દ યથાસ્થાને છે. વિનોબાજીના લખાણો એ આપણો સુવર્ણ વારસો છે.

# દાંડીકૂચ : સ્વરાજ આંદોલનમાં ગાંધીજીનું મહાભિનિષ્ક્રમણ



**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

દાંડીકૂચની ઘટના જ સમગ્ર વિશ્વ માટે એક વિરલ ઘટના છે. ગાંધીજી સહિત તેમના સાથીઓ અને સમગ્ર દેશ પણ એવું માનતો હતો કે દાંડીકૂચ શરૂ થાય એ પહેલાં જ તેમની ધરપકડ થશે. કૂચના દિવસે તો તેમની ધરપકડ ના થઈ પણ કૂચના સૈનિકો, અનુયાયીઓ અને જે ગામમાંથી કૂચ પસાર થવાની હોય તે ગ્રામજનો પણ એવી સ્થિતિમાં હતા કે અંગ્રેજ સરકાર બાપુની ધરપકડ કરશે. ધરપકડનો ભય બધાને હતો એક મહાત્મા ગાંધીને જ નહતો કારણકે તેઓ અભય હતા. કૂચ દરમિયાન પણ ગાંધીજીની ધરપકડના થઈ કે ચપટી મીઠું ઉપાડયા પછી પણ તેમની ધરપકડના થઈ. બ્રિટિશ સલ્તનત ગાંધીજીને પકડતી ન હતી પણ જ્યાં જ્યાં સત્યાગ્રહીઓ મીઠાના કર સામે વિરોધ કરે ત્યાં તેમના પર અમાનુષી અત્યાચાર સાથે દરેકની ધરપકડ કરતી હતી. કોઈ ગાંધીવાદી નેતા હોય કે સાવ સામાન્ય ભારતીય તમામની ધરપકડ કરી લેવામાં આવતી હતી. લાઠીચાર્જ કે ધરપકડમાંથી મહિલાઓ પણ બાકાત ન હતી. કારણ સ્પષ્ટ હતું અંગ્રેજો ગાંધીજીને મુક્ત રાખીને ગાંધીનો જનસામાન્ય પરનો પ્રભાવ ઓછો કરવા માગતી હતી. ગાંધીજીની દાંડીકૂચના ઘણા પ્રસંગો એવા છે કે જેની નોંધ આપણે લેવી જોઈએ. એ થકી ગાંધીની ઓળખાણ વધુ દ્રઢ બનશે.

મિસ મેડેલીન સ્લેડ એટલે કે મીરાંબહેન, આ અંગ્રેજ બહેન ૨૫ વરસ ગાંધીજીની સાથે રહ્યા હતા. તેમણે તેમની આત્મકથા 'ધ સ્પિરિટ્ઝ પિલગ્રિમેજ' (ગુજરાતી અનુવાદઃ વનમાળા દેસાઈ, 'એક સાધિકાની જીવનકથા')માં દાંડીકૂચનો એક પ્રસંગ આલેખ્યો છે. તા. ૧૧ અને ૧૨ માર્ચ ૧૯૩૦ વચ્ચેની રાતનો પ્રસંગ વર્ણવતા મીરાબહેન લખે છેઃ 'તે રાત્રે સાબરમતી આશ્રમનો એકે એક માણસ જાગતો હતો. બીજા દિવસે કૂચ લઈ જવાની હતી ચોક્કસ ધરપકડ કરશે એવી બીક સૌને હતી સૌ જાગતા હતા. પણ એ સૌની વચ્ચે એક જ માણસ શાંતિથી સૂઈ રહ્યો હતો અને તે હતો મોહનદાસ કરમચંદ ગાંધી!

સવારે સાડા છ વાગ્યે નીકળવાનું નક્કી થયું હતું. ગાંધીજી નાહી ધોઈને પરવાર્યા ત્યારે છ વાગ્યા હતા. તેથી તેમણે કહ્યું હજુ અડધો કલાક બાકી છે ૨૯ મિનિટની નિંદર કાઢી લઉં. આવા તો અનેક પ્રસંગ છે. તેઓ જ્યારે ગોળમેજી પરિષદમાં લંડન ગયા ત્યારે રહ્યા હતા પૂર્વ ભાગમાં, કે જ્યાં ગરીબ વસ્તી રહેતી હતી અને પરિષદ ભરાતી હતી પશ્ચિમમાં જ્યાં શ્રીમંત વસ્તી રહેતી હતી. પૂર્વથી પશ્ચિમ લંડન તરફ કારમાં આવતા જતા ગાંધી ૨૦ મિનિટના રસ્તામાં ૧૯ મિનિટ આરામથી ઊંઘ ખેંચી લેતા હતા. મજાની વાત એ હતી કે તેઓ જેટલી મિનિટ નક્કી કરે તેટલી મિનિટ ઊંઘી શકતા હતા.

દાંડીકૂચના રવાના થવાના દિવસે જવાહરલાલ નેહરુ આશ્રમમાં આવ્યા હતા. ગાંધીજી સાથે વાત કરતાં તેમણે કહ્યું કે કૂચ કરવા જઈ રહ્યા છો તો તમે કોઈ યુનિફોર્મ નક્કી કર્યો છે? ગાંધીએ પૂછ્યું યુનિફોર્મ?- એના વિશે

**આખા દેશના આશીર્વાદ ૧૦૫ વર્ષના વૃદ્ધાએ વ્યક્ત કર્યા હતા : 'સવરાજ લઈને વહેલા આવજો'**

તો મેં વિચાર્યું જ નથી. યુનિફોર્મ ન હોય તો માર્ચ કૂચ કેમ થાય? એવો પ્રશ્ન નહેરુએ કર્યો. અને દલીલ કરી તમે તો ઘૂંટણ સુધી પહોંચે એટલું ધોતિયું પણ નથી પહેરતા, ને ઘણાં લોકો લાંબા ધોતીયા પહેરે છે. ગાંધીજીએ કહ્યું 'એમનો ડગલો પણ ખાદીનો છે અને મારું ધોતિયું પણ ખાદીનો છે'. બાપુએ આટલો જવાબ વાળીને કૂચના સૈનિકોનો યુનિફોર્મ એકસરખો છે એમ જવાહરલાલને સમજાવી દીધું. હસતા હસતા. નેહરુજીને વાત ગળે ન ઉતરી. પછી ૨૯ મિનિટ બાપુ સુઈ ગયા એ સમય એમને મળી ગયો. એ દરમિયાન પોતાની સાથે લાવેલા બિલ્લા તેમણે સૌને આપી દીધા અને તે લગાવવા માટે કહી દીધું. ગાંધીજીને બિલ્લો લગાવવાનું વિચાર્યુંને સુઈ રહેલા ગાંધીજીની ચાદર પર બિલ્લો લગાવી દીધો પણ નહેરુજીને ગણતરીમાં ભૂલ થઈ. ભૂલ એ થઈ ગઈ કે ૨૯ મિનિટ અને ૩૦ મિનિટ વચ્ચે ૬૦ સેકન્ડનું અંતર હોય છે. ગાંધીજી બરાબર ૨૯ મિનિટે ઉઠ્યા. ચાદર ઉપર નહેરુજીએ લગાવેલો બિલ્લો તેમનાં ધ્યાન બહાર ના ગયો. પણ કંઈ બોલ્યા નહી શાંતિથી ઉઠ્યા અને ચાદર તેમણે ઉંધી વાળી લીધી. એ એવી રીતે વાળી લીધી કે પેલો બિલ્લો અંદર દબાઈ ગયો બહાર દેખાય જ નહીં!!

ગાંધીજી જ્યારે કૂચ માટે રવાના થયા ત્યારે તેમને વિદાય આપવા માટે એક લાખ લોકો એકત્ર થયા હતા. અમદાવાદની વસ્તી એ સમયે ચાર એક લાખની હતી. જો કે વિદાય આપવા માટે ભેગા થયેલા તમામ અમદાવાદના ન હતા. આસપાસના ગામોમાંથી ઘણા લોકો આવ્યા હતા. ભાવનગરથી દિવાન પ્રભાશંકર પટણી પણ આવ્યા હતા. પટણી સાહેબ માટે એવો ગણગણાટ પણ હતો કે તેઓ સરકારના માણસ છે. સરકારે તેમને અહીં મોકલ્યા છે. પ્રભાશંકર પટણી એ એવો જવાબ પણ આપ્યો હતો કે 'હું તો અહીં જે મહાભિનિષ્ક્રમણ થવાનું છે એનો સાક્ષી થવા આવ્યો છું'.

ગાંધીજીની કૂચ ચાલે તેની આગળ ગુજરાત વિદ્યાપીઠની એક ટુકડી ચાલતી હતી. એ ટુકડી અરુણ ટુકડી. સૂરજ ઉગે તે પહેલા આ ટુકડી ઊઠીને કામે લાગી જતી એટલે તેનું નામ અરુણ ટુકડી. ગાંધીજી પહોંચે તે પહેલા જે તે ગામમાં પહોંચી જાય. પાયખાનાનાં ટ્રેન્ચીસ ખોદી રાખવાના, ગામમાં સફાઈ ની વ્યવસ્થા કેવી છે? જમવાની અને પાણીની વ્યવસ્થા કેવી છે? ગામની વસ્તી કેટલી છે, કેટલા પુરુષો, કેટલી સ્ત્રીઓ, ગામનો મુખ્ય વ્યવસાય, પશુપાલન કેટલું અને ખાસ તો ગામ માં કેટલું મીઠું ખવાય છે? એ તપાસ લેવાની કામગીરી તેમની હતી. આ માહિતીઓને આધારે ગાંધીજીના ભાષણો થતા હતા.

કૂચ પસાર થતી હતી ત્યારે ખેડા જિલ્લામાં ૧૦૫ વર્ષના એક માજી ગાંધીના દર્શનની ઈચ્છા રાખતા હતા. પરંતુ અશક્ત હોવાને કારણે ઘરની બહાર નીકળી શકતા ન હતા. ગાંધીજીને આ સમાચાર મળ્યા તો તેઓ સામે ચાલીને માજીને મળવા ગયા. માજીને પગે લાગ્યા તો માતાજીએ તેમને ના પાડી. કહ્યુંઃ 'તમે તો મહાત્મા છો'. ગાંધીજીએ કહ્યું પણ તમે ઉંમરમાં મારા કરતા મોટા છો તમે મને આશીર્વાદ આપો. માજીએ કહ્યું 'સવરાજ લઈને વહેલા આવજો'. આખા દેશના આશીર્વાદ આ ૧૦૫ વર્ષના વૃદ્ધાએ વ્યક્ત કર્યા હતા. એ પછીના દિવસોમાં સુરત જિલ્લાના ભટગાવ ગામમાં ગાંધીજી બોલ્યા હતાઃ 'કાગડા કૂતરાના મોતે મરીશ સ્વરાજની ઝંખના કરતા રજવાડી રવડી ને મરીશ, પણ સ્વરાજ લીધા સિવાય આશ્રમમાં પાછો નહીં ફરું.

ગાંધીજીએ તો સ્વરાજના રંગમાં અનેકને રંગી દીધા હતા. આશ્રમમાં જ વસી ગયેલા પંડિત નારાયણ ખરેનો દીકરો વસંત શીતળાની બીમારીને કારણે ગુજરી ગયો હતો. દાંડીકૂચના થોડા દિવસો પહેલા ગાંધીજીએ પુત્રની બીમારીને કારણે પંડિત ખરેજીને એવી છૂટ આપી હતી કે તેમણે દાંડીકૂચમાં સાથે ન આવવું હોય તો ભલે ન આવે. ખરેજીએ તો જવાબ નહોતો આપ્યો. પરંતુ તેમના પત્ની લક્ષ્મીબેને જવાબ આપ્યો હતો 'મારી સાથે આખો આશ્રમ તો છે ને? આશ્રમ એ મારુ કુટુંબ છે અને એ મારી સાથે છે તો મને કોઈ ચિંતા નથી'.

દાંડીકૂચની આવી કેટલી અવિસ્મરણીય વાતો આપણે આવતા અંકમાં જોઈશું.

**સંદર્ભઃ ગાંધીનગરની ગાંધી કથા, કથાકારઃ શ્રી નારાયણભાઇ દેસાઇ, સંપાદકઃ કુંતલ નિમાવત, પ્રકાશકઃ ગાંધીનગર કલ્ચરલ ફોરમ.**